# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.

## (ગુજરાતી માધ્યમ/દ્વિભાષી માધ્યમ)

**"જો મહેનત એક આદત બની જાય, તો સફળતા એક 'મુકદ્દર' બની જાય છે."**

## વાલી-શિક્ષક મિટીંગ

આત્મીય વાલીશ્રી, કુશળ હશો.

બાળકના સર્વાંગી વિકાસમાં આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્ત્વનો હોય છે. બાળક અને શિક્ષક સાથેનો સુમેળ સંધાય તેમજ બાળકે કરેલ કાર્યની નોંધ લઈ શકાય તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી શિક્ષક મિટીંગનું આયોજન થતું હોય છે, તે આપ જાણો છો. દરેક વાલી મિટીંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના ...

આપનું બાળક શૈક્ષણિક વર્ષ 2023-24 ના જે તે ધોરણના અંતિમ તબક્કામાં અભ્યાસ કરી રહ્યું છે. આપના બાળકે આવનારી દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ખૂબ સારી સફળતા મેળવે તે હેતુથી Practice Round For Revision Test આપવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. આ ટેસ્ટમાં બાળકે કરેલી ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે બાળક, માતા-પિતા અને શિક્ષક વચ્ચે વિચાર વિમર્શ થવો ખૂબ જરૂરી છે. તે હેતુથી **ધો.7 અને 8ના વિદ્યાર્થીઓ માટે તા. 29-03-2024ને શુક્રવારના રોજ વાલી-શિક્ષક મિટીંગનું આયોજન કરેલ છે. જેમા Practice Round testની ઉત્તરવહી બતાવવામાં આવશે અને પરિણામ આપવામાં આવશે, તેથી આ વાલી મિટીંગમાં આવવું ખૂબ જરુરી છે, જેની નોંધ લેવી.**

### ☛ નીચે આપેલા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.

- ❖ તા. **29/03/2024 ને શુક્રવારના** રોજ વાલી-શિક્ષક મિટીંગમાં આવો ત્યારે જે તે ધોરણના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.
  - ➢ ધો. 7 અને 8 ના રોલ નંબર **01 થી 20** ના વિદ્યાર્થીનો સમય: **08:00 am to 08:45 am**
  - ➢ ધો. 7 અને 8 ના રોલ નંબર **21 થી .....** ના વિદ્યાર્થીનો સમય: **08:45 am to 09:30 am**
- ❖ **ચાલુ શૈક્ષણિક વર્ષ 2023-24 ની ફી જો ભરવાની બાકી હોય તો તા. 29/03/2024 ને શુક્રવારના** રોજ ફરજિયાત ભરવાની રહેશે.

**<u>નોંધ :-</u>**

- ❖ **વાલી મિટીંગના દિવસે શૈક્ષણિક કાર્ય શરૂ રહેશે તેથી વિદ્યાર્થીએ રાબેતા મુજબ શાળાની બસમાં જ આવવા - જવાનું રહેશે. પરંતુ વાલીશ્રીએ ઉપરોક્ત સમયે જ વાલી-શિક્ષક મિટીંગમાં આવવાનું રહેશે, જેની નોંધ લેવી.**
- ❖ **તા. 30/03/2024 ને શનિવારના** આપણી શાળામાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત દ્વારા આયોજિત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) 2024નું પરીક્ષા કેન્દ્ર હોવાથી **ધો. 7 અને 8 ના વિદ્યાર્થીઓને શાળામાં રજા રહેશે, જેની નોંધ લેવી.**
- ❖ વાલી-શિક્ષક મિટીંગમાં આપ આવો ત્યારે આપનું વાહન યોગ્ય જગ્યાએ પાર્ક કરીને વ્યવસ્થાપકોને સહકાર આપવા વિનંતી.